બંધારણનો ચુસ્ત પણે અમલ કરવો અને
કરાવવો એ દરેક વ્યક્તિની પવિત્ર ફરજ છે

**૧૩૫ પાટણવાડા વણકર પંચે તા. ૩-૩-૧૯૯૧ના રોજ ધિણોજ મુકામે કરેલ બંધારણમાં સંવંત ૨૦૫૭ના બીજા આસો વદ ૧૧ને રવિવાર તા. ૧૧-૧૧-૨૦૦૧ના રોજ ધિણોજ મુકામે કરેલ સુધારામાં સંવંત ૨૦૬૭ ચૈત્ર સુદ ૧૩ ને શનિવાર, મહાવીર જયંતિ તા. ૧૬-૦૪-૨૦૧૧ના રોજ ૧૩૫ પાટણવાડા વણકર પંચે કરેલ સુધારા-વધારા સાથેનું બંધારણ**



પરગણું મળ્યાનું સ્થળ

મુ. : ધિણોજ, તા. ચાણસ્મા, જિ. પાટણ

તા. ૧૬ એપ્રિલ, ૨૦૧૧

# ૧૩૫ પાટણવાડા વણકર પંચના થયેલા ઠરાવો

## બંધારણ

સ્થળ : લિંણોજ  તા. ૧૬-૦૪-૨૦૧૧

**સગાઈની વિગત**

૧. સગાઈ કરતી વખતે કન્યાનો પિતા વરના પિતાને એક ચલણી રૂપિયો આપશે.

૨. સગાઈ કરતા પહેલા કોઈ આલ-મેલ કરવી નહિ.

૩. સગાઈ કર્યા પછી દાગીનો કે વસ્તુ આપવી નહિ.

૪. સગાઈ કરાવનારને બન્ને પક્ષો તરફથી ૧૫૧/૧૫૧ એકસો એકાવનરૂપિયા આપવા.

૫. વેવાઈવટ કરવા (૭) સાત માણસો એ જવું, સાત કરતાં વધારે જનાર માટે બન્ને પક્ષો ગુનેગાર ગણાશે. વેવાઈવટ કરનાર સાત ને દસ દસ રૂપિયા કન્યા પક્ષ તરફથી આપવા.

૬. સગાઈ વખતે કે વેવાઈવટ કરવા જતી વખતે કોઈપણ પ્રકારના દાગીના - કપડાં - બંગડીઓ જેવી કૉસ્મેટીક વસ્તુ આપવી નહિ. જે આપશે તે નાતનો ગુનેગાર ગણાશે.

૭. લગ્ન લેવા જવાની જાણ પત્રથી કરવી, લગ્ન વધાવવા (૨) બે આદમીએ જવું. લગ્ન વધાવતી વખતે એક ચલણી રૂપિયો આપવો, લગ્ન વધાવવા સવારે જઈ સાંજે પરત આવવાનું રહેશે.

૮. પોસાતું હોય તો ઓઢમણા લેવા, વળતરમાં ૫૧ રૂ. આપવા.

૯. સગાઈ તોડવાની જાણ પત્રથી સગાઈ કરાવનારને કરવી અને સગાઈ કરાવનારે ઘરધણીને પત્રથી જાણ કરવી. સગાઈ તોડનારનો રૂ. ૨૦૧ બસો એક દંડ લેવામાં આવશે.

**જાનની વિગત :**

૧. જાનની વારતિથિ બન્ને પક્ષે મળીને નક્કી કરવી.

૨. જાનમાં વર અને વાજીંત્રો સહિત ૬૧ (એકસઠ) માણસોએ જવું. જાનમાં વર પક્ષ તરફથી જાનડીઓ લઈ જવી નહિ. જો જાનડીઓ (નાની છોકરીઓ પણ નહિ) લઈ જશે તો નાતનો ગુનેગાર ગણાશે.

૩. વાજીંત્રો લઈ જઈ શકાશે. અગવડને પ્રસંગે વાજીંત્રો લઈ ન જનારનો ગુનો ગણાશે નહિ.

૪. જાન સવારે જશે અને સાંજે પાછી આવશે.

૫. જાનને સીધી ઉતારે વર સાથે લઈ જવી. વરને માંડવાના તોરણે પુખવા, જાની વાસો આપવાનો નથી.

૬. એક માંડવે બે જાનો હોય તો બન્ને વરને માંડવાના તોરણે સાથે પુંખવા, જાન આવે તેમ ઉતારે લઈ જવી.

૭. જાનને જમણમાં ચોખા ઘીનો શીરો અને દાળભાત આપવાં. વધારાની ગમે તે ૪ (ચાર) વાનગી આપી શકશે, ૪થી વધારે વાનગી આપનાર અને ભોજન ખાનાર અને ખવડાવનાર નાતના ગુનેગાર ગણાશે.

૮. ફક્ત કન્યા માટે માંડિયો લાવવો.

૯. વર માટે ખુંપ-કલગી બંધ છે પણ ફુલહાર પહેરાવવો.

૧૦. કન્યા પક્ષ તરફથી બાજવટ આપવો. બાજવટ આપતી વખતે કાંઈ આપવાનું નથી.

૧૧. લગ્નનું આણું સાત દિવસ રહેશે.

૧૨. લગ્ન પછી કન્યા પક્ષ તરફથી કન્યાને મળવા કે માથે હાથ ફેરવવા જવાનું નથી. જો જશે તો બન્ને પક્ષ ગુનેગાર ગણાશે. લગ્નના આણા વખતે કન્યાને વર પક્ષ તરફથી સાડી-દાગીના કે કંઈ ભેટ આપવી નહિ.

૧૩. લગ્નનું આણું મુકવા એક માણસે જવું. આણું મુકવા જનારને ૧૦ રૂપિયા આપવા.

૧૪. ઉજણા વખતે કન્યાને આંટી પહેરાવવી નહિ, ફૂલ વેરી શકાશે.

૧૫. જાનમાં ગામોટ લાવવો નહિ.

**ભાણાની વિગત :**

૧. ભાણા વખતે દાપાના રૂપિયા ૧૧૩૫ અંકે રૂ. એક હજાર એકસો પાંત્રીસ પુરા ભાણે ભરવા.

૨. ભાણા વખતે લગ્નવિધિના ૧૨૫ અંકે રૂપિયા એકસો પચીસ પુરા બ્રાહ્મણને આપવા.

૩. વરપક્ષ તરફથી વીર માયાના ૧૫ અંકે રૂપિયા પંદર આપવા તેનું શ્રીફળ લાવી પ્રસાદ વહેંચવો.

૪. જાન પાટણ દુઃખવાડામાં જાય તો પદમનાથની જગાના ૧૫, પંદર રૂપિયા પૂરા વરપક્ષ તરફથી આપવા.

૫. જે ગામમાં તુરી હોય તે ગામમાં જ ૧૦ દસ રૂપિયા આપવા તુરી ગામમાં રહેતા ના હોય તો આપવા નહી.

૬. જે ગામમાં મંદિર હોય તો ગામમાં જાન તરફથી ૨૫ પચીસ રૂપિયા આપવા.
૭. ભાણા વખતે વરને ચાંલ્લો કરવો. બીજી કોઈ રકમ આપવી નહીં. દાપું આપવાની છૂટ છે.
૮. પંચ મહાપું આપવાનું નથી. પ્રભાતી ટીપણાં બંધ છે.
૯. વર પક્ષે બીજે કોઈપણ જાતનો નાણાંકીય વહેવાર કરવાનો નથી.

**<u>વળતરની વિગત :</u>**

૧. વળતરમાં કન્યાના બાપ તરફથી કન્યા માટે કાનની બુટી કે કડીયો - નાકની નથણી કે રવો (સોનાનો) બધુ મળીને ચાર આની ભાર સોનું તેમ જ પગની જીવનદોરી ૧૦૦ ગ્રામ ચાંદીની લેવી.
૨. દાગીનાનો હક કન્યાનો રહેશે.

**<u>પ્રથમ આણાની વિગત :</u>**

૧. પ્રથમ આણું તેડવા જવા માટે પંદર દિવસ પહેલાં પત્રથી જાણ કરવી.
૨. આણું તેડવા એક માણસે જવું, તેમણે કન્યા પક્ષને રૂપિયા ૫૩૫ પાંચસો પાંત્રીસ પુરા આપવા.
૩. આણું તેડવા જનારને દશ રૂપિયા આપવા.
૪. આણું તેડવા જનારે સવારે જઈ સાંજના પરત આવવાનું રહેશે.
૫. પ્રથમ આણું નવ દિવસ રહેશે.
૬. વળતુ આણું તેડવા જનારને પોષાતું હોય તો ઓઢામણું આપવું. વળતરમાં રૂ. ૫૧ એકાવન આપવા.
૭. પ્રથમ આણામાં કન્યાના બાપે બે જોડ કપડાં આપવાં.

**<u>સાજનાની વિગત :</u>**

૧. સાજનાનું સગપણ કરવા માટે બે માણસોએ જવું.
૨. સગપણનો એક ચલણી રૂપિયો આપવો.
૩. સગપણ કરવા જનારે સવારે જઈ સાંજે પરત આવવાનું રહેશે.
૪. સગપણ કરવા જનારને કન્યા પક્ષ તરફથી બન્નેને રૂ. ૧૦૧ / એકસો એક રૂપિયા આપવા.
૫. સાજનાની કન્યા તેડવા મુરતિયા સાથે ૧૧ અગિયાર માણસોએ જવું.
૬. મુરતિયાને ઓઢામણું આપવું. બાકીના દશ જણને દશ દશ રૂપિયાની આલમેલ કરવી.
૭. સાજનાના દાપાના રૂપિયા ૮૩૫/- આઠસો પાંત્રીસ પુરા ભાણે ભરવા.

૮. સાજનામાં પલ્લું થાળમાં મુકીને આપવું.
૯. પલ્લા ઉપર ૫૧ એકાવન રૂપિયા પૂરા સ્ત્રીઓ માટે આપવા.
૧૦.પલ્લામાં વર પક્ષ તરફથી જે કાંઈ દાગીના, કપડાં લાવે તે સ્વીકારી લેવાં.
૧૧.જમણમાં ગમે તે આપવાની છુટ છે.
૧૨.સાજનાનું આણું તેડવા જનાર સવારે જઈ સાંજના પરત થશે.
૧૩.સાજનાના ભાણા વખતે બ્રાહ્મણને ૫૧ એકાવન રૂપિયા આપવા.
૧૪.જે ગામમાં તુરી રહેતા હોય તેને ૧૦ દશ રૂપિયા આપવા.
૧૫.જે ગામમાં મંદિર હોય ત્યાં ૨૫ પચીસ રૂપિયા આપવા.
૧૬.પંચમહાપું આપવાનું નથી.
૧૭.સાજનાનું આણું સીધું જ મોકલી દેવું.
૧૮.કન્યાના બાપે કન્યાને બે જોડ કપડાં આપવાં.
૧૯.વળતું આણું તેડવા પંદર દિવસે જવું.
૨૦.તેડવા જનારને પોષતું હોય તો ઓઢામણું આપવું. વળતરમાં ૫૧ રૂ. એકાવન આપવા.
૨૧.વળતું આણું તેડવા સવારે જઈ સાંજના પરત આવશે.

**<u>મામેરુ કે મામામોળિયાની વિગત :</u>**

૧. મામેરામાં સહકુટુંબ જઈ શકાશે.
૨. યથાશક્તિ પ્રમાણે કપડાં અને દાગીના લઈ જઈ શકાશે તેમ જ રોકડ રકમ આપી શકાશે.
૩. વરવાઘામાં વરને શોભે તેવો પોશાક પહેરી શકાશે. વરવાઘો વરના બાપે ખરીદવો.
૪. પંચમહાપું આપવાનું નથી.
૫. મામેરૂ કે મામામોળિયાએ ઘરધણી સિવાય બીજે ક્યાંય રહેવાનું નથી.
૬. મામેરૂ કે મામામોળિયા વખતે મોસાળ પક્ષ સિવાય કન્યા પક્ષની દિકરી, ફોઈ કે જેમને કન્યા પક્ષ તરફથી આલમેલ કરી શકાય. તેવા કોઈએ કોઈપણ પ્રકારની ભેટ, દાગીનો કે કાંઈ આપવાનું નથી. જો આપશે તો નાતનો ગુનેગાર ગણાશે.
૭. મામામોળિયામાં મોસાળ પક્ષ તરફથી દાપુ આપવાના પ્રસંગે જાન જે ગામમાં જતી હોય તેના પરગણાના રીવાજ પ્રમાણે દાપુ આપવું.
૮. નાસ્તાની છુટ છે.

૯. ઓઢમણા આપવાની છુટ છે.
૧૦. મામેરા મામામોળિયાની વખતે વેવાઈને દશ રૂપિયા આપવા.
૧૧. મોસાળ પક્ષ તરફથી વરવાધા પેટે ૨૩૫ અંકે રૂ. બસો પાંત્રીસ આપવા.

**છુટાછેડાની વિગત :**

૧. મુરતિયો કન્યાને ન ગમાડે તો કોરા કાગળે છૂટાછેડા કરવા અને લગ્ન વખતે વળતરમાં આપેલા દાગીના કન્યા પક્ષને પરત કરવા.
૨. કન્યા મુરતિયાને ન ગમાડે તો રૂપિયા ૧૧૩૫/- અંકે એક હજાર એકસો પાંત્રીસ આપવા અને છૂટાછેડા કરતાં દાગીનાનો હક કન્યાનો છે.
૩. ઉપરની બન્ને કલમો પ્રમાણે છૂટાછેડા ન થાય તો પ્રશ્ન પંચ આગળ રજૂ કરવો. પંચે આનો સ્પષ્ટ નિર્ણય બન્ને પક્ષોને સાંભળીને આપવો, પંચે આપેલો નિર્ણય બન્ને પક્ષોએ પાળવાનો રહેશે. જે ચૂક કરશે તે નાતનો ગુનેગાર ગણાશે. ૩ ત્રણ વર્ષની સમય મર્યાદામાં આખરી નિકાલ કરવાનો રહેશે, નિકાલ નહિ કરનાર પણ નાતનો ગુનેગાર ગણાશે.
૪. છૂટાછેડા સમાજ મારફતે લેવા, કોર્ટનો આશરે લેવો નહિ.
૫. સમાજ નિર્ણય ન કરે કે નિકાલ ન કરે તો સમાજની અનુમતિથી કોર્ટમાં જઈ શકાશે.
૬. વિધુર કે છૂટાછેડા લીધેલા મુરતિયાએ પુનઃલગ્ન કરવા. કુંવારી કન્યા સાથે લગ્ન કરી શકાશે નહિ અને કરશે તો નાતનો ગુનેગાર ગણાશે.
૭. છૂટાછેડા લીધા સિવાય પુનઃ લગ્ન કરનાર નાતનો ગુનેગાર ગણાશે. બન્ને પક્ષને સરખા ગુનેગાર ગણવામાં આવશે.
૮. બીજા પરગણાના છૂટાછેડા યોગ્ય રીતે કરી દેવા. ના થાય તો પંચમાં રજૂઆત કરવી. પંચે આ અંગે ગંભીરતાથી નિર્ણય કરવો. પરગણાના પાંચ આગેવાનોએ મળી પ્રશ્નનો નિકાલ કરવા પ્રયત્ન કરવો.
૯. પરગણું (પંચ) વર્ષમાં બે વખત મળશે, કાર્તકી પુનમ અને જેઠ મહિનામાં મળશે. મળવાની જાણ તારીખ - સમય અને સ્થળના પત્રો પરગણાના ગામોને ધિણોજે લખવાના રહેશે.
કોટવાળને પણ જાણ કરવી. પરગણાના પત્રો ૫ કે ૧૦ આગેવાનોની રૂબરૂમાં લખવા.

**સમુહલગ્નોના નિયમો :**

૧. સમુહલગ્નમાં વરપક્ષ તરફથી ૬૧ (એકસઠ) જાનૈયા લઈ જવા પરંતુ જાનડીઓ લઈ જઈ શકાશે નહિ.

૨. કન્યા પક્ષ તરફથી બહેનો જઈ શકશે.
૩. કન્યાના દાગીના તથા પહેરવેશ પરગણાના બંધારણ મુજબ રહેશે.
૪. ભેટ-દાન તથા ચીજ વસ્તુઓ સ્વીકારી શકાશે તથા આણા સાથે લઈ જઈ શકાશે.
૫. મામેરા વખતે કુટુંબીજનો તરફથી આપતા દાગીના - ભેટો આપી શકાશે નહીં.
૬. મામેરાના દર દાગીના લઈ શકાશે.
૭. સમુહલગ્નોનું આયોજન ટ્રસ્ટ, મંડળ, ગામ તથા સંસ્થા તરફથી કરી શકાશે.
૮. સમુહલગ્નોના આયોજન માટે સમાજની કોઈપણ વ્યક્તિ તરફથી દાન મદદ લઈ શકાશે.
૯. જમણવારમાં શીરો, દાળ-ભાત રહેશે અને વધારાની ગમે તે ૪ (ચાર) વાનગી આપી શકાશે, બુફે તથા રીસેપ્શન પાર્ટી બંધ છે. વીડીયો શૂટીંગ પણ બંધ કરવામાં આવે છે.
૧૦. સમુહલગ્નના આયોજકો ગેરરીતિ વગેરે કરશે તો પરગણાના ગુનેગાર ગણવામાં આવશે. આયોજકોએ પ્રત્યેક સમુહલગ્નમાં ઑડીટેડ હિસાબો પરગણા સમક્ષ રજૂ કરવા.

**સામાન્ય વિગત :**

૧. મુરતિયાને પ્રથમ વખતે આંગણે બેસાડતી વખતે ઓઢામણું અને રૂ. ૧૦૧ એકસો એક આપવા.
૨. બાળલગ્નો કરવા નહિ. લગ્ન વખતે કન્યાની ઉંમર ૧૮ વર્ષ અને મુરતિયાની ઉંમર ૨૧ વર્ષ પુરાં હોવા જોઈએ.
૩. કન્યાદાન (કંકુકન્યા) આપવાની છુટ છે.
૪. પ્રેતભોજન સદંતર બંધ છે.
૫. લોકાચારના ગમે તે બે દિવસ નક્કી કરવા. રવિવાર રાખી શકાશે.
૬. મરણ વખતે સગાં સાચવવાનું બંધ છે. તેમ જ ૭ (સાત) દિવસે શોક ઉતારવો. કુટુંબ જમાડવાનું બંધ છે.
૭. મરણ પ્રસંગે લોકાચારે આવનારને ખીચડી - શાક આપી શકાશે. ઘી આપવું નહિ.
૮. પોત અને લોકાચાર આપવાનું બંધ છે.
૯. મરણ પ્રસંગેના દિવસે બેન - દિકરીને અને સાસરી પક્ષને જાણ કરવી. બીજા સગાની રાહ જોવી નહિ.

૧૦.દીકરી કે જમાઈના મરણપ્રસંગે ખાંપણની રકમ આપવાની છૂટ છે.

૧૧.માંદગી પ્રસંગે દવાખાને સગા સંબંધીની ખબર કરવા જતા આલમેલ કરવી નહિ.

૧૨.જાન, સાજના અને છૂટાછેડાના ગુના અંગે રૂપિયા ૨૫૧ બસો એકાવન દંડ લેવામાં આવશે. આ રકમ બન્ને પક્ષ તરફથી લેવામાં આવશે.

૧૩.સિદ્ધપુરના મેળામાં પરગણાના કામકાજ અંગે મળવાનું છે પણ પરગણાને ઠીક લાગે ત્યારે ફેરફાર કરી શકશે.

૧૪.દર વર્ષ જેઠ માસમાં પરગણું મળે ત્યારે દંડની રકમ સાથે લાવવી અને પરગણાએ દર વખતે ગુના ઉઘરાવી લેવા.

૧૫.જે ગામમાં ગુનો બન્યો હોય તે ગામે ગુનાની જાણ પત્રથી પરગણાને કરવી. ધિણોજ ગામે આવી જાણ કરવી. જે ગામ આવી જાણ નહીં કરે તો તે નાતનો ગુનેગાર ગણાશે.

૧૬.તા. ૧૪-૦૪-૨૦૧૧ પહેલા દિકરા/દિકરીના સગપણ થયેલ હોય તેવા સંબંધોને ૧૩૫ના જુના બંધારણ મુજબ લગ્ન કરવાના રહશે.

૧૭.કન્યા ત્યાંનું દહેજ પ્રમાણે બીજા પરગણા સાથે લેવડદેવડ કરવી. કન્યા ત્યાંનું દહેજ તેનો અર્થ જે ગામે જાઓ તે ગામના પરગણાના રીવાજ પ્રમાણે દરેક પ્રસંગે વર્તવું. (નોંધ : (તા. ૦૧-૦૪-૨૦૧૧ના નિર્ણય મુજબ ૧૩૫ પરગણાના ગામો પૈકી અલગ થયેલા ગામ કે વ્યક્તિઓ સાથે કન્યા ત્યાંનું દહેજનો અમલ કરવો નહિ.)

૧૮.મરણ પ્રસંગે શોક મુકાવતી વખતે સાડલા ધોતિયાને બદલે દરેકને રૂ. ૫૦/૫૦ પચાસ પાચસ રૂપિયા આપવા.

૧૯.ઉપરના તમામ ઠરાવો અંગેના એટલે કે આખા બંધારણ અંગે છેવટના અધિકારો પરગણા પાસે રહેશે.

૨૦.આ બંધારણનો અમલ ચુસ્ત પણે અમલ કરવાનો છે.

૨૧.બંધારણનો ભંગ કરનાર નાતનો ગુનેગાર ગણાશે.

૨૨.૧૩૫ પાટણવાડા પરગણાના ગામોમાં આ બંધારણનો અમલકરવાનો રહેશે. આ બંધારણ સિવાય અન્ય કોઈ બંધારણનો અમલ થઈ શકશે નહિ.

૨૩.બંધારણનો અમલ તા. ૧૬-૦૪-૨૦૧૧થી કરવાનો છે.

| | |
|---|---|
| સ્થળ મુ. : ધિણોજ | ૧૩૫ પાટણવાડા વણકર પંચ |
| તા. ચાણસ્મા, જિ. પાટણ. | તા. ૧૬ એપ્રિલ-૨૦૧૧ |

# ૧૩૫ પાટણવાડા વણકર સમાજ વણકર વસ્તી પંચના ગામની યાદી

## પાટણ તાલુકો

૧. દુઃખવાડા પાટણ
૨. સરાય પાટણ
૩. બગવાડા પાટણ
૪. વિલોડીયાવાસ પાટણ
૫. ડોડીયાવાસ પાટણ
૬. મણુંદ
૭. બાલીસણા
૮. સંડેર
૯. રણુંજ
૧૦. કંથરાવી
૧૧. કુણઘેર
૧૨. ધારણોજ
૧૩. ધારપોર
૧૪. વાગડોદ
૧૫. મીઠીવાવડી
૧૬. ચારુપ
૧૭. સબોસણ
૧૮. પળી
૧૯. આંબાપુરા
૨૦. સંખારી
૨૧. ભીલવણ
૨૨. કાંસા
૨૩. ડેર
૨૪. સમોડા
૨૫. નવાપુરા
૨૬. બેપાદર
૨૭. ધનેરા
૨૮. કણી

## ચાણસ્મા તાલુકો

૧. ચાણસ્મા
૨. ધિણોજ
૩. વડાવલી
૪. કંબોઈ
૫. પલાસર
૬. લણવા
૭. પીંઢારપુરા
૮. જાખાના
૯. વસાઈ
૧૦. ફીંચાલ
૧૧. કેશણી
૧૨. ધાણોધરડા
૧૩. ગંગેટ
૧૪. ચવેલી
૧૫. જસલપુર
૧૬. વાસણા
૧૭. પીંપળ
૧૮. મીઠાધરવા
૧૯. ખારાધરવા
૨૦. ટાકોદી
૨૧. બ્રાહ્મણવાડા
૨૨. ખારીધારીયાલ
૨૩. મીઠીધારીયાલ
૨૪. મણીયારી
૨૫. ખોખલા
૨૬. દાણોદરડા
૨૭. સેવાળા
૨૮. સમીસા

## હારીજ તાલુકો

૧. હારીજ
૨. અડીયા
૩. ગોવના
૪. તંબોળિયા
૫. બોરતવાડા
૬. એકલવા
૭. સરવાળ
૮. જૂનામાંકા

## મહેસાણા તાલુકો

૧. પાંચોટ
૨. છઠીયારડા
૩. પાલોદર
૪. તરેટી
૫. મોટીદાઉ
૬. બામોસણા
૭. બોદલા
૮. દેવીનાપુરા
૯. ગોરાદ
૧૦. વિરતા
૧૧. ખરસદા
૧૨. દવાડા

## ઉંઝા તાલુકો

૧. ઉંઝા
૨. ઉનાવા
૩. ઉપેરા
૪. મક્તુપુર
૫. કરલી
૬. દાસજ
૭. ભાંખર
૮. ઐઠોર
૯. ડાભી
૧૦. વિસલવાસણા
૧૧. વણાગલા
૧૨. રણછોડપુરા
૧૩. ટુંડાવ
૧૪. સીહી

## બહુચરાજી તાલુકો

૧. કનોડા
૨. મોટપ
૩. જેતપુર
૪. વિજાપુરડા
૫. ઐંદલા
૬. કાલરી
૭. બેચર
૮. શંખલપુર
૯. ડોડીવાડા
૧૦. ગાંભુ
૧૧. દેલવાડા
૧૨. સાપાવાડા
૧૩. સૂરજ
૧૪. અંબાલા


## વિસનગર તાલુકો

૧. વાલમ
૨. ખંડોસણ
૩. તરભ
૪. જેતલવાસણા
૫. સાતુસણા
૬. ભાન્ડુ
૭. વડુ
૮. પુદગામ

## -: તાલુકાના ગામની સંખ્યા :-

| | | | |
|---|---|---|---|
| ૧. પાટણ તાલુકા | ૨૮ | ૫. ઉંઝા | ૧૪ |
| ૨. ચાણસ્મા તાલુકા | ૨૮ | ૬. બહુચરાજી તાલુકા | ૧૪ |
| ૩. હારીજ | ૦૮ | ૭. વિસનગર તાલુકા | ૦૮ |
| ૪. મહેસાણા તાલુકા | ૧૨ | કુલ | ૧૧૨ |

વિનંતી :- શરત ચૂકથી કોઈ ગામ રહી ગયું હોય તો ઉમેરવાં જાણ કરવી.



# વીર માહયાનો જય હો.

શાર્દુલ પ્રેસ-૨૭૫૪૧૩૦૫

**સ્વ. ખેમચંદભાઈ સોમાભાઈ ચાવડા (Ex. M.P.) પરિવારના સૌજન્યથી**